॥ श्री विश्वकर्मणे नमः ॥

વિશ્વકર્મા ધર્મોપદેશિકા.

પુસ્તક ૨ જું.

મય—પંચાળ (ગુર્જર સુતાર) વિદ્યાર્થીઓ માટે.

પ્રયોજક તથા છપાવી પ્રસિદ્ધ કરનાર:—

સ્વજ્ઞાતિ સેવક—હરિલાલ માવજી દુધૈયા.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.

ઈ. સ. ૧૯૨૯. સંવત ૧૯૮૫.

કિંમત.

પ્રસ્તાવના.

ન્હાનાં બાળકોને વિદ્યાભ્યાસ સાથે જો પોતાના ધર્મનો ઉપદેશ મળે, તો તે બાળક ભવિષ્યમાં ધર્મમાં નિપુણ બની પોતાના ખરા ધર્મને પાળતાં શીખે છે.

બાળકનું મગજ હમેશાં કુમળું હોય છે. તે કુમળા મગજમાં આપણે જે સસ્કાર પાડવા ઇચ્છીએ તે સ્હેલાઇથી પાડી શકીએ છીએ અને તે સંસ્કાર બાળકની આખી જીંદગીનો સાથી બની રહે છે.

બાળકને વિદ્યાભ્યાસ સાથે ક્રિશ્ચિયન ધર્મનું શિક્ષણ આપવાની પ્રણાલિકા દરેક મીશન સ્કુલોમાં હોય છે. પરંતુ આપણા ધર્મનું શિક્ષણ–બોધ આપવાની રીત ન હોવાથી બાળકોને તેમના સ્વધર્મનું જ્ઞાન મળતું નથી. જેથી આપણી જ્ઞાતિનાં બાળકો આપણા ધર્મથી અણજાણ રહી, મ્હોટી ઉમરે પહોંચ્યા છતાં પણ પોતાના ખરા ધર્મનું પાલન કરી શકતા નથી, અને પોતાનો ધર્મ બરાબર ઓળખી પાળી શકતા નથી. જેથી આ નવીન પદ્ધતિના ન્હાના પુસ્તક દ્વારા વિદ્યાભ્યાસી બાળકોને, વિદ્યાભ્યાસ સાથે આપણા ધર્મનો બોધ આપવાના

હેતુથી આ ન્હાના પુસ્તકની યોજના કરવામાં આવી છે. તેનાથી આપણા જ્ઞાતિબંધુઓ, પોતાનાં બાળકોને તેમના સ્વધર્મને માર્ગે સ્હેલાઇથી ચડાવી બાળકોને સ્વધર્મમાં પ્રવીણ બનાવવા ફળીભૂત થશે.

મ્હારો આ પદ્ધતિનું પુસ્તક લખવાનો પ્રથમ પ્રયાસ હોવાથી તેમાં રહેલી અનેક ભૂલચુકની ક્ષમા યાચી, આ પુસ્તકની સફળતા ઇચ્છું છું. અસ્તુ.

કરાચી.
સંવત ૧૯૭૮ ના શ્રાવણ
કૃષ્ણપક્ષ ૮ બુધવાર.

પ્રયોજક.
હરિલાલ માવજી દુધૈયા.

॥ श्री विश्वकर्मणे नमः ॥

શ્રી વિશ્વકર્મા ધર્મોપદેશિકા.

પાઠ ૧ લો.

વિશ્વકર્મા આપણા દેવ છે.

વિશ્વકર્માએ આ જગત રચ્યું છે.

વિશ્વકર્મા આપણા પિતા અને આપણે તેના દીકરા છીએ.

આપણે વિશ્વકર્માના દીકરા હોવાથી આપણી જાત બ્રાહ્મણ છે.

આપણો ધર્મ બ્રાહ્મણનો છે.

આપણે જનોઇ પહેરવી જોઇએ.

આપણે જનોઇ ન પહેરીએ તો, આપણને પાપ લાગે છે, માટે આપણે જરૂર જનોઇ પહેરવી જોઇએ.

પાઠ ૨ જો.

જનોઇ પહેરવાથી રોજ આપણને નાવાની ટેવ પડે છે.

રોજ નાવાથી આપણું શરીર ઘણુંજ ચોખ્ખું રહે છે.

શરીર ચોખ્ખું રહેવાથી આપણી બુદ્ધિ સારી થાય છે.

સારી બુદ્ધિથી આપણે આપણા ધર્મને પાળી શકીએ છીએ.

ધર્મ પાળવાથી આપણા ઉપર ભગવાન રાજી રહે છે.

ભગવાન રાજી રહેતાં આપણને બધી વાતે સુખ મળે છે.

જો આપણે સુખી હોઇએ તો આપણને હમેશાં સારાં કામો કરવાં ગમે છે.

સારાં કામો કરવાથી જગતમાં આપણે માન પામીએ છીએ.

જગતમાં માનથી જીવવું એ ઘણુંજ સારૂં છે.

પાઠ ૩ જો.

આપણે હમેશાં નાહી ધોઇને પૂજા-પાઠ કરવાં જોઇએ.

પૂજા પાઠ ન કરીએ તો, આપણે આપણા ધર્મને ભૂલી જઇએ.

જો આપણે આપણા ધર્મને ભૂલી જઇએ તો, તે ધર્મ આપણી પાસેથી ચાલ્યો જાય.

ધર્મ ચાલ્યો જાય તો, આપણે અધર્મથી પાપી બનીએ.

પાપી બનવાથી આપણા વિચારો ખરાબ બને અને ખરાબ વિચારોથી ખરાબ કામો બને છે.

ખરાબ કામ કરવાથી જગત આપણી નિંદા કરે છે.

માણસો આપણી નિંદા કરે એ આપણા માટે બહુજ ખરાબ કહેવાય.

માટે ધર્મ પાળવો, પૂજા-પાઠ કરવાં અને સારી વિદ્યા ભણવી.

પાઠ ૪ થો.

વિદ્યા ભણવાથી આપણામાં સારી બુદ્ધિ આવે છે.

સારી બુદ્ધિ આવવાથી આપણે સારા નરસાનો વિચાર કરી શકીએ છીએ.

સારા નરસાનો વિચાર કર્યા વિના જે કામ કરીએ તે કામ સારૂં થાય નહિ.

વિચાર્યા વિના કોઇપણ કામ કરવાથી તેમાં દુઃખ થાય છે. માટે બધાં કામો વિચારીને કરવાં.

વિચાર કરવા માટે બુદ્ધિની જરૂર છે.

બુદ્ધિ સારી વિદ્યા ભણવાથી મળે છે.

જે બાળક પોતાની નાની ઉમરમાં વિદ્યા ભણતો નથી તે છોકરો મોટી ઉમર થતાં આખી ઉમર દુઃખ ભોગવે છે.

જે બાળક નાનપણમાં સારી વિદ્યા ભણે છે તે બાળક પોતાની આખી ઉમર સુખ ભોગવે છે.

પાઠ ૫ મો.

આપણે વિદ્યા ભણીને સારાં પુસ્તકો વાંચવાં જોઇએ.

આપણે વિદ્યાની સાથે આપણું શિલ્પ (તમામ કારીગરી) નું કામ બરાબર ખંતથી શીખવું જોઇએ.

જો આપણે કારીગરીનું કામ બરાબર ન શીખીએ તો આપણે માટે તે બહુજ ખોટું કહેવાય.

કારણ કે આપણે મૂળથી કારીગર છીએ.

જો આપણે સારી કારીગરી ન મેળવી હોય તો માણસો આપણને બોલાવશે નહિ.

સારી કારીગરી ન શીખનાર આખો ભવ મહેનત મજુરી કરી હેરાન થાય છે.

સારૂં કામ ન શીખીએ તો બીજાના કડવા બોલ આપણે સાંભળવા પડે.

કારીગરના પુત્રને બીજાનાં મેણાં સાંભળવાં એ ઘણું શરમ ભરેલું છે.

હુન્નર શીખવા એ આપણી ખાસ ફરજ છે,

કેમકે આપણા વડવાઓ ઘણાજ હુન્નરવાળા હતા.

પાઠ ૬ ઠો.

આપણા વડવાઓની આબરૂ વધારવી એ આપણને લાયક છે.

વડવાઓની આબરૂ વિદ્યા ભણવાથી, ધર્મ પાળવાથી અને હુન્નર કારીગરી શીખવાથી વધે છે.

જે માણસને પોતાના વડવાઓની આબરૂ સાચવવાની કાળજી નથી તે માણસ બરાબર કહેવાય નહિ.

આપણા વડવાઓ આગળના વખતમાં ઘણુંજ માન પામતા હતા.

આપણે પણ તેમને પગલે ચાલી જગતમાં માન મેળવતાં શીખવું જોઇએ.

માન છે એ આબરૂ છે અને આબરૂ છે એ આપણું જીવવું છે. આબરૂ વિના જીવવું ઢોર બરાબર છે.

જેમ ઢોર ખાય છે, પીએ છે ને ફરે છે, તેમ વિદ્યા વિનાનો કે આબરૂ વિનાનો માણસ આ જગતમાં ઢોર જેવો છે.

વિદ્યા વિના માન મળતું નથી અને માન વિના સુખ મળતું નથી એટલા માટે વિદ્યા છે એ બધા સુખનું મૂળ છે.

જેમ મૂળ વિના ઝાડ મોટું થતું નથી તેમ જે માણસમાં વિદ્યા ન હોય તે કોઇપણ કામમાં આગળ વધી શકતો નથી.

વિદ્યાવાળો માણસ બધાના ઉપર સરદારી ભોગવે છે અને અભણ માણસ બધાનો ચાકર બની રહે છે.

પાઠ ૭ મો.

ધર્મ પાળનાર માણસ હમેશાં ઇશ્વરને વહાલો લાગે છે.

ધર્મ પાળનાર માણસને હમેશાં દુઃખમાં ઇશ્વર સહાય કરી તેને સુખી રાખે છે.

માટે આપણે આપણો ધર્મ પાળવો જોઇએ.

આપણો ધર્મ વિશ્વકર્માની ઉપાસના, સ્નાન, સંધ્યા કરવાં એ છે.

જો આપણે વિશ્વકર્માને ભૂલી જઇએ અને જનોઇ પહેરી સ્નાન સંધ્યા ન કરીએ તો આપણા ઉપર વિશ્વકર્મા કોપ કરે.

વિશ્વકર્માને આપણે હમેશાં ભજવા અને તેને ઓળખવા માટે આપણે ખંત રાખવી જોઇએ.

વિશ્વકર્માને ઓળખવા માટે તથા આપણો ધર્મ સમજવા માટે આપણે આપણાં શાસ્ત્ર વાંચવાં જોઇએ.

શાસ્ત્ર વાંચ્યા વિના આપણે આપણા ધર્મને તથા વિશ્વકર્માને બરાબર ઓળખી શકતા નથી.

અને જ્યારે આપણે આપણા ધર્મને ઓળખી શકતા નથી તથા વિશ્વકર્માને જાણી શકતા નથી ત્યારે આપણે પાપી ગણાઇએ છીએ.

આપણો ધર્મ બહુજ જુનો છે, એના જેવો ધર્મ બીજો એકે નથી કેમકે તે ધર્મ આ જગત પેદા થયું ત્યારથીજ છે.

પાઠ ૮ મો.

ધર્મમાં ઘણું સુખ રહેલું છે, અને તે સુખ જ્યારે આપણે ધર્મમાં બરાબર ઊંડા ઉતરીએ ત્યારેજ મળે છે.

તે આપણો ધર્મ આપણે વધારેમાં વધારે ચારસો વર્ષ થયાં ભૂલી ગયા છીએ.

તે ભૂલેલા ધર્મને ઓળખવાને આજના વખતમાં આપણને સહેલાં સાધનો મળેલાં છે.

એ મળેલાં સહેલાં સાધનોથી જો આપણે આપણા ધર્મને પાછો લેવાની મહેનત ન કરીએ તો આપણે મૂર્ખ કહેવાઇએ.

મૂખંમાં ગણાવું એ આપણા માટે ઘણુંજ શરમ ભરેલું છે.

માટે મૂર્ખાઇ તથા આપણું અજ્ઞાન મૂકીને આપણે ઘણાજ હેતથી આપણા ધર્મને પાળતાં શીખવું જોઇએ.

આપણને આપણો ધર્મ પાળવાની ટેવ ન હોવાથી હમણાં આપણને જરા અઘરૂં લાગશે.

પણ પછી આગળ જતાં આપણને તેમાં ઘણોજ આનંદ તથા સુખ મળશે.

એટલા માટે આપણા મનમાં લાગણી રાખી ધર્મ જાણવા માટે પોતાના પિતા અથવા પોતાની નાતના જાણીતા, ભણેલા, જ્ઞાનવાળા માણસોનો ઉપદેશ હમેશાં સાંભળવો.

ઉપદેશ સાંભળવાની હમેશાની ટેવ હોય તો માણસ હમેશાં જલદી સુધરીને ઘણોજ હુશીઆર તથા જ્ઞાની બને છે.

પાઠ ૯ મો.

વિશ્વકર્મા આ જગતના રચનાર–બનાવનાર હોવાથી તેને શાસ્ત્રમાં વિશ્વકર્મા કહે છે. વિશ્વ એટલે જગત અને કર્મા એટલે બનાવનાર એમ થાય છે.

આ આખી દુનીયા વિશ્વકર્માની છે, અને દુનિયાના તમામ હુન્નર વિશ્વકર્માએ બનાવ્યા છે.

વિશ્વકર્માએ હુન્નર વગેરે બનાવી તેમણે આપણા

વડવાઓને શીખડાવ્યા, અને તે કામ કરવા તેમને આજ્ઞા કરી.

વિશ્વકર્માની આજ્ઞા માનીને આગળના આપણા વંશના પુરૂષો ઘણીજ ઊંચી જાતની કારીગરી કરતા હતા, અને સારો ધર્મ પાળતા હતા.

વિશ્વકર્માની આજ્ઞા આગળના વખતમાં કોઇ તોડતા નહોતા અને આજકાલ આપણે તે આજ્ઞાને ભૂલી ગયા છીએ અને માનતા નથી.

વિશ્વકર્માની આજ્ઞા કઇ? અને તે કેમ પાળવી? એ જાણવાને આપણે બરાબર મહેનત કરવી જોઇએ અને તે પાળતાં શીખવું જોઇએ.

વિશ્વકર્માનો હુકમ એ છે કે, જે મારા વંશના સારા દીકરા હોય તે જનોઇ પહેર્યા વિના ન રહે. સવારમાં વહેલા ઉઠે અને નાહી ધોઇને મારી પૂજા કરે.

વિશ્વકર્મા કહે છે કે, મારી આજ્ઞા પાળનારને હું હમેશાં સારી બુદ્ધિ આપું છું કે જેનાથી મારા દીકરા ઘણું સુખ પામે.

એટલા માટે આપણે આપણા સાચા પિતા વિશ્વકર્માની આજ્ઞા માનવી જોઇએ.

જેમ કહ્યું માનનાર દીકરો તેના બાપને વ્હાલો લાગે છે, અને તે દીકરો જે માગે તે તેને મળે છે, તેમ જો

 ૨૪૯૦૩

આપણે આપણા ખરા પિતા વિશ્વકર્માની આજ્ઞા માનીએ તો આપણે જે માગીએ તે આપણને વિશ્વકર્મા આપે.

પાઠ ૧૦ મો.

વિશ્વકર્મા કોણ અને તેનું સ્વરૂપ જાણવું એ આપણો પહેલો ધર્મ છે.

વિશ્વકર્મા એ જગતના રચનાર અને તેનું સ્વરૂપ દેવના જેવું છે. જેને ચાર હાથ છે, ત્રણ આંખો છે, શરીરે વૃદ્ધ છે, અને જ્ઞાનના ભંડાર છે.

એવા વિશ્વકર્મા દેવના વંશના જે આપણે તે આ જગતમાં દેવના દીકરા કહેવાઇએ છીએ, તેથી આપણે ઘણી ઊંચી રીતે વર્તવું જોઇએ.

આપણે બીજી જાત કરતાં વધારે અને સારા આચાર વિચાર પાળવા જોઇએ કારણ કે આપણે વિશ્વકર્મા દેવના દીકરા છીએ.

જો આપણે આચાર વિચાર સારા ન પાળીએ અને આપણી વર્તણુક નઠારી રાખીએ તો, આપણને કોઇ દેવના દીકરા કહે નહિ.

દેવના દીકરા હમેશાં સાચા બોલા, દયાવાળા, વિદ્યાવાળા અને ધર્મવાળા હોવા જોઇએ.

જેનામાં સારા ગુણ, સારી વિદ્યા અને સારો ધર્મ તથા આચાર વિચાર સારા હોય તે દેવ જેવા કહેવાય.

જેથી આપણે હરરોજ દેવ જેવા થવાને માટે આ

પણા વિચારો તથા આપણી રીતભાત બધાં ઊંચી જાતનાં રાખવાં જોઇએ.

આપણા જેવા વિચારો હોય, તેવા આપણે બનીએ તેટલા માટે ખરાબ વિચાર ન કરતાં સારા વિચાર કરવાની ટેવ પાડવી.

સારા વિચાર સારાં પુસ્તકો વાંચવાથી થાય છે. એટલા માટે સારાં પુસ્તકો વાંચવાનો અભ્યાસ રાખવો અને વાચ્યા પછી તેનો બરાબર વિચાર કરવો એટલે આપણને સારા વિચાર કરવાની ટેવ પડશે.

જેમ એક એક પગથીયું ચડવાથી ઊંચી જગા ઉપર ચડાય છે, તેમ હમેશાં નવાં નવાં પુસ્તકો વાંચવાથી આપણને જ્ઞાન મળી ઊંચો વર્ગ લેવાને લાયક બનીએ છીએ.

સમાપ્ત.

Published by Harilal Marji Doodhaya Shri Gurjar Sutar Gujrati School Committee Lawrence Road Karachi and Printed by Izatkhan Madadkhan at the Electric Litho & Type Printing Press Old Jail Road KARACHI.